# પાલનપુરની સિલ્વર બેલ્સ સ્કૂલમાંથી ડમી વિદ્યાર્થી ઝડપાયો

## મિત્રને મદદરૂપ બનવા કોલેજીયન મિત્ર ધો.૧૨ બોર્ડની પરીક્ષાની તત્વજ્ઞાનનું પેપર આપી રહ્યો હતો

આજથી ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા શરૂ થઈ છે. ત્યારે પાલનપુરની સિલ્વર બેલ્સ સ્કૂલમાંથી ડમી વિધાર્થી પરીક્ષા આપતા ઝડપાઈ જતા ચકચાર મચી જવા પામી હતી. પાલનપુરની સિલ્વર બેલ્સ સ્કૂલમાં ધો.૧૨ બોર્ડની તત્વજ્ઞાન વિષયની પરીક્ષા આપતો ડમી વિધાર્થી ઝડપાયો હતો. પોતાના મિત્રને મદદરૂપ બનવા ડમી વિધાર્થી તરીકે પરીક્ષા આપી રહેલો અંબાજી કોલેજનો વિધાર્થી ઝડપાયો હતો. જેની જાણ થતા ઝોનલ અધિકારી ડી.એચ.રાવલ દોડી આવ્યા હતા. જેઓએ પોલીસ કેસ કરવાની તજવીજ હાથ ધરી હતી.



દાંતા તાલુકાના રતનપુર ગામના ઉમતીયા અહિયાખાન મહંમદ હારુંનની ધો.૧૨ની બોર્ડની પરીક્ષા હતી. જેમાં તેનો મિત્ર અંબાજી કોલેજમાં અભ્યાસ કરતો લક્ષ્મણ મહેશભાઈ મકવાણા ડમી વિધાર્થી તરીકે પરીક્ષા આપતા ઝડપાઈ ગયો હતો તેવું સ્થળ સંચાલક આર. એચ.ડેલએ જણાવ્યું હતું.

આમ, ધો.૧૨ બોર્ડની પરીક્ષાના પ્રારંભે જ ડમી વિધાર્થી ઝડપાતા શિક્ષણ વિભાગ પણ ચોંકી ઉઠયું હતું.

# અલ્પેશ ઠાકોર વિરુદ્ધ ડીસા કોર્ટમાં ફરિયાદ

## બેફામ વાણી વિલાસ મામલે બનાસકાંઠાના પોલીસ અધિક્ષકે ઉગામ્યુ કાનૂની હથિયાર

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્વે ઠાકોર સેના અને ઓબીસી,એસટી,એસસી એકતા મંચની રચના કરી દારૂબંધી સામે અવાજ ઉઠાવી જાણીતા બન્યા બાદ રાધનપુર બેઠક પરથી ચૂંટાઈ વિધાનસભામાં પહોંચી ગયેલા અલ્પેશજી ઠાકોર સામે પણ કાનૂની ખટલો મંડાયો છે. તાજેતરમાં જ બનાસકાંઠાના ડીસા તાલુકાના આસેડા ગામમાં યોજાયેલી એક જાહેર સભામાં દારૂબંધીનાં મામલે અસભ્ય ઉચ્ચારણો કરી બનાસકાંઠાના પોલીસ અધિક્ષક બુટલેગરો પાસેથી હપ્તા લેતા હોવાના ખુલ્લા આક્ષેપો કરનાર રાધનપુર બેઠકના કોંગ્રેસી ધારાસભ્ય અલ્પેશજી ઠાકોર વિરુધ્ધ બનાસકાંઠાના પોલીસ અધિક્ષકે ગતરોજ ડીસા કોર્ટમા ફરિયાદ નોંધાવી દેતા આ મામલો ફરી ગરમાયો છે.



તાજેતરમાં બનાસકાંઠામાં યોજાયેલી જિલ્લા- તાલુકા પંચાયત ચૂંટણીની પ્રચાર ઝુંબેશ દરમ્યાન ડીસા તાલુકાના આસેડા ખાતે યોજાયેલી ચૂંટણી સભામાં ધારાસભ્ય અલ્પેશજી ઠાકોરે બનાસકાંઠાના પોલીસ અધિક્ષક નીરજ બડગુજરને નિશાન બનાવી અસભ્ય ઉચ્ચારણ કરવા સાથે ગંભીર આક્ષેપો કર્યા હતા.જેના પગલે પોલીસ અધિક્ષક નીરજ બડગુજરે રાજ્યના પોલીસ વડાની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ આ મામલે ડીસા કોર્ટમાં અલ્પેશજી ઠાકોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી બદનક્ષીનો કેસ ઠોકી દીધો છે.પોલીસ અધિક્ષકે પોતાની બદનક્ષીના મામલે કોર્ટનો આશરો લઈ ડીસાના સેકન્ડ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ.વી.મૂદલિયાની કોર્ટમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૦ મુજબ ફરિયાદ નોંધાવતા આ મામલો ફરી ચર્ચામાં આવ્યો છે અને આ મામલે નામદાર કોર્ટ ગમે ત્યારે ન્યાયિક તપાસનો હુકમ કરી શકે છે તેવું જાણવા મળ્યું છે.બીજી બાજુ બનાસકાંઠામાં કોઈ આઈપીએસ અધિકારી દ્વારા ધારાસભ્ય સામે બદનક્ષીની ફરિયાદ કરાઈ હોય તેવી આ પ્રથમ ઘટના હોઈ રાજકીય ક્ષેત્રે પણ આ મામલો ચર્ચાસ્પદ બન્યો છે.

### અરવલ્લી જિલ્લામાં ૫૦૦૦ હજારમાં ધો-૧૨ સાયન્સના

# ફૂટેલા પેપરથી વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરતા અસામાજિક તત્ત્વો

## પેપર ફૂટ્યાની અફવાથી વિધાર્થીઓ અને વાલીઓમાં હડકંપ : કેટલાક વિદ્યાર્થીઓ વાંચવાનું છોડી પેપર મેળવવા દોડાદોડ

અરવલ્લી, તા. ૧૪

બોર્ડની પરીક્ષા શરૂ થઈ ગઈ છે ત્યારે અરવલ્લી જીલ્લા સહીત ઉત્તર ગુજરાતમાં કેટલાક અસામાજિક તત્વો ૧૨ સાયન્સના પેપર ફૂટી ગયા હોવાના અને હાથથી લખેલા પ્રશ્નો વોટ્સએપ પેપર વાઈરલ કરી વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે કોન્ટેક્ટ કરી ૫૦૦૦ હજાર રૂપિયામાં વોટ્સએપ પર પહોંચાડી ગેરમાર્ગે દોરી રહ્યા હોવાનું અને ૧૨ સાયન્સના કેમેસ્ટ્રીનું પેપર ફૂટી ગયું હોવાના સમાચાર વાયુ વેગે પ્રસરતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પેપર મેળવવા ગુપ્ત રાહે શોધખોળમાં જોતરાઈ ગયા હતા. બીજી બાજુ પેપર ફૂટવાની અફવાથી હોશિયાર વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પેપર ફૂટી ગયું હોવાના મેસજ વાઈરલ કરનાર અને વિદ્યાર્થીઓની મજબુરીનો લાભ લઈ રોકડી કરી લેનાર શખ્સો સામે બોર્ડ અને ગાંધીનગર શિક્ષણ વિભાગ દ્વારા આકરા પગલાં ભરવામાં આવે તેવી લોક માંગણી પ્રબળ બની છે. ટયુશનીયા શિક્ષકો અને સંચાલકો તેમના ત્યાં ટ્યૂશન આવતા વિદ્યાર્થીઓ પરીક્ષામાં સારા માર્કસે લાવે તે માટે પણ આઈએમપીના નામે વિદ્યાર્થીઓને પેપર દીઠ માહિતી પુરી પડતા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લા અને ઉત્તર ગુજરાતમાં બુધવારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ દ્વારા પરીક્ષાઓ શરુ થઈ ગઈ છે. ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા વિદ્યાર્થીઓની કારકિર્દી માટે ખુબ જ મહત્વની છે, ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓની ગુણની મહત્વકાંક્ષાને એક તક બનાવી કેટલાક અસામાજિક તત્વો ખોટી અફવાઓ બજારમાં ફરતી કરવામાં આવે છે અને જેના બદલામાં હાથથી લખેલા ખોટા આઈએમપી અને પ્રશ્નપત્રો પધરાવવામાં આવે છે અને વિદ્યાર્થીઓ અને વાલીઓ ગેરમાર્ગે દોરી વિદ્યાર્થી અને વાલીની ગરજ પ્રમાણે રૂપિયા ખંખેરવામાં આવતા હોવાના અને અસંખ્ય વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી રૂપિયા પણ ખંખેરી લેવામાં આવ્યા હોવાનું આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ બુધવારે ૧૨ સાયન્સનું બપોરે યોજાનાર કેમેસ્ટ્રીના પેપર પહેલા વહેલી સવારથીજ સોશ્યલ મીડિયામાં કેમેસ્ટ્રીનું પેપર ફૂટી ગયું હોવાના મેસેજ સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા વિદ્યાર્થીઓ અને વાલીઓ પેપર મેળવવા દોડધામ કરી મુકતા ભારે અફડાતફડી મચી હતી. કેટલાક વિદ્યાર્થીઓ અફવાઓથી ગેરમાર્ગે દોરાઈ પરીક્ષાની તૈયારી બાજુ પર રાખી પેપરની શોધમાં એક બીજા વિદ્યાર્થીઓમાં ઘરે પૂછવા સહીત વોટ્સએપ અને મોબાઈલના માધ્યમથી પેપર મેળવવા હવાતિયાં માર્યા હતા.

### જિલ્લા શિક્ષણાધિકારી પેપર ફૂટવા અંગે ફોન ઉપાડવાની તસ્દી ના લીધી

બુધવારે ૧૨ સાયન્સ કેમેસ્ટ્રીનું પેપર ફૂટી ગયું હોવાની અફવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતાની લકીરો સાથે દોડધામ મચતાં આ અંગે પેપર ફૂટી ગયું હોવાની વાતમાં કેટલું તથ્ય રહેલું છે અને ખોટી અફવા ફેલાવનાર અસામાજિક તત્વો સામે કડક પગલાં ભરવામાં આવશે કે નહિ તે જાણવા જીલ્લા શિક્ષણાધિકારી ઝાલાનો રૂબરૂ અને ટેલિફોનિક સંપર્ક સાધવાનો પ્રયત્ન કરતા શિક્ષણાધિકારી ઝાલાએ ફોને ઉપાડવાની પણ તસ્દી લીધી નહોતી. શિક્ષણાધિકારી ઝાલાના રાજમાં જીલ્લાના શિક્ષણનું સ્તર તળિયે ગયું હોવાનું પણ જીલ્લામાં ચર્ચાઈ રહ્યું છે અને ક્લાસ વન અધિકારી એક સ્થળે ૩ વર્ષથી વધુ ફરજ બજાવતો હોય તો તેની બદલી કરવામાં આવતી હોવાનું સરકારી સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું ત્યારે છેલ્લા ૪ વર્ષ થી અરવલ્લી જીલ્લામાં શિક્ષણાધિકારી તરીકે ફરજ બજાવતા એપી ઝાલાની બદલી પણ કરવામાં આવે તે ખુબ જરૂરી હોવાનું શિક્ષણ જગતના સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

# પ્રાંતિજના નનાનપુર ખાતે દબાણ મુદ્દે આત્મવિલોપનની ધમકી

## તંત્ર દ્વારા દબાણ દુર કરવામાં આવ્યું

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે છેલ્લાં કેટલાક દિવસથી ગ્રામપંચાયતની ચૂંટણી બાદ ગામમાં બે પક્ષો વચ્ચે રહેતાં સવિતાબેન રમણભાઈ વણકર દ્વારા દબાણ મુદ્દે આત્મવિલોપનની ધમકી આપવામાં આવી હતી. જેને ધ્યાને લઈને પ્રાંતિજ ગઉં. પટેલ કલ્પેશકુમાર અંબાલાલ જેવોએ અઢી વિઘામા દબાણ કરી મગફળી ઘઉ, ઉમેદજી જવાનજી વિગેરેનાઓએ એક વિઘામાં



તુ...તુ...મે...મે... સજાઈ હતી અને ઉગ્ર સ્વરૂપ બાદ એક બીજા ઉપર પોલીસ ફરીયાદ બાદ એક મહિલા દ્વારા દબાણ મુદ્દે આત્મવિલોપનની ધમકી અપાતાં તંત્ર દ્વારા દબાણ દુર કરવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ નનાનપુર ગામે ગ્રામપંચાયતની ચૂંટણી બાદ છેલ્લા કેટલાક દિવસથી ગામમાં બે પક્ષો વચ્ચે બોલાચાલી બાદ એક બીજા ઉપર પોલીસ ફરીયાદ થઈ હતી. બાદમાં નનાનપુરમાં મામલતદાર પટ્ટણી, નાયબ મામલતદાર ડી.એલ. રાઠોડ તથા હિંમતનગર ડી.આઈ.એલ.આર ટીમ, તાલુકા વિકાસ અધિકારી છે. એચ. કાપડીયા, નનાનપુર તલાટી કલ્પેશભાઈ પટેલ, પ્રાંતિજ પીઆઈ વી.આર. ચાવડા તથા પોલીસ ટીમ નનાનપુર ગામે આવી નનાનપુર ખાતે આવેલ દબાણો દુર કર્યા હતાં. જેમાં વણકર રેવીબેન સદાભાઈ જેવોએ એક વિઘામા દબાણ કરી ભીંડા અને દબાણકરી ઘાસચારો, મકવાણા રંગુસિંહ જવાનસિંહ દ્વારા પણ એક વિઘામા દબાણ કરી ઘંઉનુ વાવેતર કર્યું હતું. તો તંત્ર દ્વારા દરેકના ખેતરમાં જમીનની માપણી બાદ સરકારી જગ્યાઓ ઉપર કરેલ દબાણ દુર કરવામાં આવ્યું હતું. તંત્ર દ્વારા નનાનપુર ગામે કુલ સાડા પાંચ વિઘા ઉપર થયેલ દબાણ દુર કરવામાં આવ્યું હતું. હજુ વધુ તપાસ થાય તો વધુ દબાણ તથા સરકારી જમીન ખુલ્લી થાય તો નવાઈ નહીં.

# મટોડાની શિક્ષિકાને ગોલ્ડ મેડલ

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા તાલુકાની ઉ.મા. આશ્રમશાળા મટોડામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા કિંજલબેન સાવજીભાઈ પટેલે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણમાં બી.એસ.સી. કેમેસ્ટ્રીમાં સમગ્ર યુનિવર્સીટીમાં પ્રથમ આવતા ગુજરાતના રાજ્યપાલના વરદ હસ્તે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. ગોલ્ડ મેડલ મેળવી શાળા અને ગામનું નામ રોશન કરવા બદલ શાળાના ટ્રસ્ટી દિનેશભાઈ પટેલ તથા શાળા પરિવાર અને ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

# ખેડબ્રહ્માંમાં રામનવમીના ઉત્સવ માટે મિટિંગ મળી

ખેડબ્રહ્મામાં નવરચિત હિન્દૂ યુવા સંગઠન દ્વારા આગામી રામનવમીની ઉજવની કરવા આયોજન કરવા સારું મિટિંગ ખેડબ્રહ્મા નગરપાલિકાના બગીચામાં મળી હતી. આ મિટિંગમાં રામનવમીના દિવસે સીતા-રામના પરિવેશ સાથેના ટેબ્લો, બાઈક રેલી, અને રૂટ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ મિટિંગમાં મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.



પ્રતિક ઉપવાસ : મહેસાણા શહેરમાં આવેલ ગોવિંદ મહાદેવની ચાલીમાં વર્ષોથી પરિવાર સાથે વસવાટ કરતાં ૫૦ જેટલા કુટુંબોને રેલવે કોરીડોરના કારણે મજબુરીમાં સ્થળાંતર કરાવવાની ફરજ પાડવામાં આવી રહી છે. ઉપરોક્ત નિર્ણયનો વિરોધ કરવા શહેર કોંગ્રેસના ભૌતિક ભટ્ટ અસરગ્રસ્ત પરિવારો સાથે કોંગી આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે પ્રતિક ઉપવાસ બેઠા છે. શહેરમાં આવેલ ગાંધીજીની પ્રતિમા પાસે ન્યાય મેળવવા જાહેરમાં પ્રતિક ઉપવાસ કરી રહ્યા છે.

# પ્રાંતિજ ખાતે નગરપાલિકાની સામાન્ય સભા યોજાઈ

## કારોબારી સહિત વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી : પાર્ટીના વ્હીપ મુજબ સમિતિઓના ચેરમેનોની થયેલી વરણી



પ્રાંતિજ, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા નવા ચુંટાયેલા સભ્યોની સામાન્ય સભા યોજાઈ હતી જેમાં પાર્ટીના વ્હીપ મુજબ સર્વાનુમત્તે કારોબારી તથા વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે ભાજપ શાસિત નગરપાલિકાના વિશાળ સભાખંડમાં સાબરકાંઠા જિલ્લા ભાજપ ના વાસુભાઈ રાવલ, અશોકભાઈ મિસ્ત્રી, ભાજપ શહેર વિજયભાઈ પટેલ તથા નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન પટેલ તથા ઉપપ્રમુખ નયનભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટીની વ્હીપ મુજબ કારોબારી તેમજ નગર પાલિકાની વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી જેમાં કારોબારી સમિતિના ચેરમેન પદે કોકીલાબેન વિજયભાઈ પટેલ, જાહેર બાંધકામ સમિતિના ચેરમેન પદે ધવલભાઈ ભાસ્કરભાઈ રાવલ, નગર આયોજન સમિતિના ચેરમેન પદે અરવિંદભાઈ કાલીદાસ પરમાર, પાણી પુરવઠા સમિતિના ચેરમેન પદે ગોવિંદસિંહ કેસરીસિંહ પરમાર, આરોગ્ય સમિતિના ચેરમેન પદે રાજેશકુમાર રતીલાલ ટેકવાણી, દિવાબતી સમિતિના ચેરમેન પદે દિપકભાઈ હસમુખભાઈ કડિયા, ગટર યોજના સમિતિ ચેરમેન પદે ગીતાબેન બિપીનભાઈ સોની, દબાણ સમિતિના ચેરમેન પદે દક્ષાબેન જીતેન્દ્રસિંહ મકવાણા, એસ્ટાબ્લીશમેન્ટ સમિતિના ચેરમેન પદે ગીતાબેન સંજયભાઈ પટેલ (પ્રમુખ), ગુમાસ્તા ધારા સમિતિ ચેરમેન પદે મોજીબેન લલ્લુભાઈ દેસાઈ, સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના સમિતિના ચેરમેન પદે દિલીપભાઈ પશાભાઈ રાવળ, ઉત્પાદન સમિતિના ચેરમેન પદે શિલ્પાબેન મહેશસિંહ મકવાણા , વસુલાત સમિતિના ચેરમેન પદે સીતાબેન ધુળાજી વણઝારા, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન પદે અરવિંદભાઈ કાલીદાસ પરમાર, શિક્ષણ સમિતિના ચેરમેન પદે જશોદાબેન નટવરસિંહ રાઠોડ, તળાવ બ્યુટીફિકેશન સમિતિના ચેરમેન પદે રીટાબેન દિલીપભાઈ રાઠોડ, બગીચા સમિતિના ચેરમેન પદે બલોચ મહેબુબખા અહેમદખાની સર્વાનુમતે પાર્ટીના વ્હીપ મુજબ કરવામાં આવી હતી તો તમામ સભ્યોએ વધાવી લીધી હતી જયારે કારોબારી તેમજ અન્ય સમિતિઓની રચના થતાં હવે નગરના વિકાસ માટે દરેક ચેરમેનોને પોત પોતાના વિભાગોની જવાબદારી અદા કરવા અપીલ કરવામાં આવી હતી.

# ખેડબ્રહ્માંમાંથી ૨ ઓવરલોડ,૧ ડોક્યુમેન્ટ વગરના ડમ્પર ઝડપાયા

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા તાલુકામાંથી પસાર થતી સાબરમતી નદીની રેતીનું બેફામપણે ઓવરલોડ ડમ્પરોમાં ખનન થતું હોય ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી કે.એસ. મોદી સ્ટાફ સાથે ગયા બુધવારે ૩ ઓવરલોડ રેતીના ડમ્પર ઝડપી પડ્યા બાદ મંગળવારે બીજા ૩ ડમ્પર ઝડપી પાડ્યા હતા.

ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી કૌશિકભાઈ મોદીએ ભૂ માફિયાઓ પર તવાઈ કરતા મંગળવાર સાંજના ગલોડિયા રોડ ઉપર ચેકિંગ કરતા હતા ત્યારે ખેડબ્રહ્મા તરફથી આવતું રેતીનું ડમ્પરને ઉભું રાખવા જણાવેલ પરંતુ તેને ઉભું ન રાખી ભગાવી મુકતા તેનો પીછો કરતા રાસ્તામાં મૂકી ડ્રાઈવર અને ક્લીનર ભાગી ખેતરમાં છુપાઈ જતા તેમાંથી ક્લીનરને ઝડપી પાડી ગાડી જપ્ત કરી હતી અને ત્યાર બાદ અન્ય બે ગાડીઓને ઊંભી રખાવી તેમને પણ દિઈટેન કરી વજન કરાવતા જી.જી.૩૧.ટી.૯૫૦૭ માં ૧૪ મેટ્રિક ટન પાસિંગ સામે ૨૧.૨૯૫ મેટ્રિક ટન રેતી ભરેલી હતી. જ્યારે બીજા ડમ્પર જી.જે.૧૩.ડબ્લ્યુ.૧૨૭૮માં ૧૦ મેટ્રિક ટન સામે ૧૬.૨૨૫ મેટ્રિક ટન રેતી ભરેલી હતી. જયારે અન્ય એક ડમ્પરમાં જરૂરી ડોક્યુમેન્ટ ન હોઈ દિઈટેન કરી પ્રાંત અધિકારી કૌશિકભાઈ મોદી, નાયબ મામલતદાર હર્ષભાઈ પરમાર, નરેશભાઈ ડોડીયાર, નરેશભાઈ પટેલ તથા સ્ટાફ દ્વારા જરૂરી કાર્યવાહી કરી વધુ કાર્યવાહી સારું સાબરકાંઠા જિલ્લા કલેક્ટરને જાણ કરવામાં આવી હતી.

# ખેડબ્રહ્મામાં મહિલાના ગળામાંથી સોનાનો દોરો ચોરાયો : મહિલાને ઈજા

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મામાં બુધવારના રોજ સવારના સુમારે બાઈક સવારે મહિલાના ગળામાંથી સોનાનો દોરો ચોરી ફરાર થઈ ગયા હતા. ખેડબ્રહ્મા બ્રહ્માજી ચોક વિસ્તારમાં રહેતા શાન્તાબેન ડાહ્યાભાઈ પ્રજાપતિ બુધવાર સવારે સડા દસેક વાગ્યાના સુમારે ખેડબ્રહ્મા આશીયાના ઈગ્લીશ સ્કુલની પાછળ જાનકીનગર સોસાયટીમાં રહેતા તેમના સબંધી જીતેન્દ્રકુમાર જશુભાઈ પ્રજાપતીના ત્યાં મરણ પ્રસંગના બેસણામાં જવા ચાલતા જતા હતા તે સમયે આશીયાના સ્કુલની બાજુમાં આવેલ રોડ એક પલ્સર જેવી નંબર પ્લેટ વગરની બાઈક ઉપર સામેથી બે વ્યક્તિઓ આવેલ હતા. જેમાં ચાલકે



હેલ્મેટ પહરેલ હતુ અને પાછળ બેસેલ વ્યકિતએ શાંતાબેનના ગળામાં પહેરેલ સોનાનો દોરો આશરે બે તોલાનો કિ. રૂ. ૪૦,૦૦૦ જે દોરાની લુંટ કરી નાસી ગયેલ. અને દોરો ખેચવાથી શાન્તાબેનના ગળાના ભાગે ઘસારો થયેલ અને તે વખતે અચાનક આ બનાવથી તે ગભરાઈ ગયેલ હોય કંઈ બોલી શકેલ નહીં. તે સમયે તેમના પાડોશમાં રહેતા નીકુજભાઈ પ્રવિણભાઈ દવેનાઓ આવી જતા તેઓને બનાવ સબંધે વાત કરતા શાંતાબેનના દિકરા કલ્પેશને બોલાવેલ અને સીવીલ હોસ્પિટલ ખેડબ્રહ્મામાં સારવાર સારૂ લઈ ગયેલ અને સારવાર કરાવી અજાણ્યા બાઈક ચાલક વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવી હતી.

# જયસ્વાલ સમાજનું ગૌરવ



ધનસુરા, તા. ૧૪

ધનસુરા તાલુકાની રહીયોલ ગ્રામ પંચાયતમાં આજે મદદનીશ ટીડીઓ વાય.સી. પંડ્યાની દેખરેખ હેઠળ આજરોજ ડેપ્યુટી સરપંચની ચૂંટણી યોજવામાં આવેલ હતી. જેમાં શ્રીમતી રીપલબેન મેહુલકુમાર જયસ્વાલની સર્વાનુમતે બીન હરીફ વરણી થયેલ હતી. સરપંચ સુર્યાબેન રણજીતભાઈ પરમાર સહીત તમામ સભ્યોએ તેઓને ટેકો જાહેર કરેલ. આ અંગે જયસ્વાલ સમાજના પૂર્વ પ્રમુખ ભરતભાઈ એસ. જયસ્વાલ, મહેશભાઈ જયસ્વાલ તેમજ જયસ્વાલ સમાજના બંધુઓએ રીપલબેનને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

